# સમય સંદેશ

સમય તમારો, સંદેશ અમારો...

■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું સવારનું દૈનિક અખબાર

વર્ષ: ૮ ● અંક: ૩૫૩ ● તારીખ: ૩૦.૧૦.૨૦૨૩, સોમવાર ● પાના:૪ ● કિંમત રૂ. ૪.૦૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060



**સમય સંદેશ**

જાહેરાત, પ્રેસનોટ, ટચૂકડી જાહેરાત, મરણ નોંધ તેમજ જન્મદિવસની શુભકામના આપવા માટે

**સમય સંદેશ કાર્યાલય**

આકાશ ગંગા એપાર્ટમેન્ટ, ભંગાર બજાર રોડ, જામનગર. મો.૮૮૬૬૦૬૬૦૬૦

ઉપરાંત..
અમારા માન્ય ડિસ્ટ્રીબ્યુટરનો પણ સંપર્ક કરી શકો છો..

**આશાપુરા ન્યૂઝ એજન્સી**

કે.પી. જાડેજા હવાઈચોક, જામનગર મો.૯૩૨૮૧૦૪૧૮૨


## આજનો સુવિચાર

જીવન કિસ્મતથી ચાલે છે ભાઈ? એકલા મગજથી ચાલતું હોત તો અકબરની જગ્યાએ બીરબલ રાજા હોત!



મતદાર યાદીમાં સુધારો કરાવવા લોકો સુધી જાણકારી પહોંચે તે માટે મીડિયાની ભૂમિકા મહત્વની: કલેક્ટર

વાંચો પાના નં. 02



લાલપુર અને કાલાવડ પંથકના કરાણા-ડુંગરાળી દેવળીયા-બેરાજા ગામમાં પવનચક્કીના કામોમાં નિયમોના લીરા

વાંચો પાના નં. 03




આનંદો... જામનગરવાસીઓ: ફટાકડાના ભાવમાં ૧૦ થી ૧૫ ટકાનો ઘટાડો...

વાંચો પાના નં. 04

# કેરળમાં ૩ બ્લાસ્ટ, એકનું મોત, ૫૨ ઘાયલ: ૬ ગંભીર

કેરળ: કેરળના એર્નાકુલમમાં રવિવારે એક કન્વેન્શન સેન્ટરમાં ત્રણ બ્લાસ્ટ થયા હતા. અહેવાલો અનુસાર, કલામસેરી સ્થિત આ કન્વેન્શન સેન્ટરમાં સવારે લગભગ ૯.૩૦ વાગ્યે લગભગ ૨ હજાર લોકો પ્રાર્થના કરી રહ્યા હતા, તે દરમિયાન ૫ મિનિટની અંદર સતત ત્રણ વિસ્ફોટ થયા. આ વિસ્ફોટના કારણે ગુજરાત, દિલ્હી, યુપી સહિત ઘણા રાજ્યોમાં એલર્ટ જાહેર કરાયું છે.



થ્રિસુર પોલીસે કહ્યું- કોડકારા પોલીસ સ્ટેશનમાં એક વ્યક્તિએ આત્મસમર્પણ કર્યું છે. તેનો દાવો છે કે તેણે જ કન્વેન્શન સેન્ટરમાં બોમ્બ પ્લાન્ટ કર્યો હતો. પોલીસે તેની ઓળખ જાહેર કરી નથી.

કન્નુર પોલીસે એક વ્યક્તિની બેગમાંથી શંકાસ્પદ વસ્તુઓ મળી આવતા તેની અટકાયત પણ કરી હતી. જણાવવામાં આવી રહ્યું છે કે તે ઝારખંડનો રહેવાસી છે. તે મેંગલુરુથી એરીકોડ જઈ રહ્યો હતો.

યહોવાહના સાક્ષીઓના સંગઠનના સ્થાનિક પ્રવક્તા ટીએ શ્રીકુમારે જણાવ્યું હતું કે પ્રથમ વિસ્ફોટ રાત્રે ૯:૪૫ વાગ્યે પ્રાર્થના સમાપ્ત થયા પછી કન્વેન્શન હોલની મધ્યમાં થયો હતો. થોડીક સેકન્ડો પછી, હોલની બંને બાજુએ વધુ બે વિસ્ફોટ થયા. એર્નાકુલમમાં જે વિસ્તારમાં બ્લાસ્ટ થયો હતો તેની આસપાસ મોટી સંખ્યામાં યહૂદી સમુદાયના લોકો રહે છે.

કેરળના ડીજીપી શેક દરવેશે કહ્યું કે પ્રારંભિક તપાસ મુજબ, ઈંઈઉ એક ટિફિન બોક્સમાં લગાવવામાં આવ્યો હતો અને તેને કન્વેન્શન સેન્ટરની અંદર રાખવામાં આવ્યો હતો. તપાસ માટે ૮ વિશેષ ટીમો બનાવવામાં આવી છે. સંપૂર્ણ તપાસ બાદ વધુ માહિતી બહાર આવશે.

# ભારતના બોલર્સ અંગ્રેજો પર ભારે પડ્યા




વર્લ્ડ કપ ૨૦૨૩ની ૨૯મી મેચમાં ભારતે ઈંગ્લેન્ડને ૨૩૦ રનનો ટાર્ગેટ આપ્યો છે. જવાબમાં ઈંગ્લેન્ડના ઓપનર મોઈન અલી અને લિયામ લિવિંગસ્ટન ક્રિઝ પર છે.

જો રૂટ શૂન્ય પર આઉટ થયો હતો. તેને જસપ્રીત બુમરાહે કઈઠ આઉટ કર્યો હતો. બુમરાહની આ બીજી વિકેટ છે. ડેવિડ મલાન ૧૬ રન બનાવીને આઉટ થયો હતો. તેને જસપ્રીત બુમરાહે બોલ્ડ કર્યો હતો. મોહમ્મદ શમીએ બેન સ્ટોક્સને બોલ્ડ કર્યો હતો. શમીએ જોની બેયરસ્ટોને પણ બોલ્ડ કર્યો હતો. કુલદીપ યાદવે ટીમ ઈન્ડિયાના પાંચમી સફળતા અપાવી હતી. તેણે જોસ બટલરને બોલ્ડ કર્યો હતો. વર્લ્ડ કપમાં રૂટ પ્રથમ વખત ઝીરો પર આઉટ થયો છે.

બુમરાહ બાદ બીજી જ ઓવરમાં મોહમ્મદ શમી બોલિગ કરવા આવ્યો હતો. તેણે ઓવરમાં ૩ રન આપ્યા, પછીની ઓવર મેડન હતી. સ્પેલ ચાલુ રાખી રહેલા શમીએ આઠમી ઓવરના છેલ્લા બોલ પર બેન સ્ટોક્સને બોલ્ડ કર્યો હતો. નવમી ઓવરમાં બુમરાહે ફરીથી મેડન ફેંકી અને ૧૦મી ઓવરના પહેલા બોલ પર શમીએ જોની બેયરસ્ટોને બોલ્ડ કર્યો.

૪ ઓવરમાં ૨૬/૦થી ઈંગ્લેન્ડનો સ્કોર ૧૦ ઓવરમાં ૪૦ રનમાં ૪ વિકેટે ૪ વિકેટે થઈ ગયો હતો. શમી અને બુમરાહે ૨-૨ વિકેટ લીધી હતી. બેયરસ્ટોએ ૧૪ અને માલને ૧૬ રન બનાવ્યા હતા, જ્યારે રૂટ અને સ્ટોક્સ ખાતું પણ ખોલી શક્યા ન હતા.

# રાજકોટમાં પ્રધાનમંત્રી મોદી લિખિત ગરબા પર વર્લ્ડ રેકોર્ડ, શરદ પુનમના દિવસે ૧.૨૧ લાખ લોકો ગરબે ઘૂમ્યાં

રાજકોટ: પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા નવરાત્રી પર્વ નિમિત્તે રચિત ગરબો માડી પર શરદપૂનમની રઢીયાળી રાતે રાજકોટના રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે ૧ લાખ ૨૧ હજારથી વધુ ખેલૈયાઓને પાર્થિવ ગોહિલની ટીમે સંગીતના તાલે રાસ ગરબા રમાડી રેકોર્ડ સર્જાયો હતો. આ પ્રસંગે યુવાનોએ નો ડ્રગ્સ ના શપથ ડ્રગ્સ જેવા દુષણથી દૂર રહેવાની પ્રતિબદ્ધતા દર્શાવી હતી.



આ પ્રસંગે ઉપસ્થિત ગિનિસ વર્લ્ડ રેકોર્ડસ, વર્લ્ડ બુક ઓફ રેકોર્ડસ લંડન અને ઈન્ડિયન ટ્રેડિશનલ બુક ઓફ રેકોર્ડ ના પ્રતિનિધિઓએ રેકોર્ડ જાહેર કર્યો હતો. આ પ્રસંગે પ્રદેશ અધ્યક્ષ સી. આર. પાટીલે તેમના પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી નવરાત્રી પર્વ દરમિયાન માં અંબાની આરાધના કરે છે અને નકોરડા ઉપવાસ પણ કરે છે. તેમણે માં અંબા પ્રત્યે શ્રદ્ધા વ્યક્ત કરતો ભાવભર્યો ગરબો નસ્રમાડીસ્રસ્ર રચ્યો હતો. આ ગરબા પર આજે અહીં લાખોની મેદનીમાં લોકો ગરબે રમવા પધાર્યા છે. તે આપણા સૌ માટે ગૌરવની વાત છે. ગુજરાત પર મા અંબાના આશીર્વાદ સતત વરસતા રહે તેવી શુભકામના પાટીલ વ્યક્ત કરી હતી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વર્ષો પહેલા આ ગરબા ગીત લખ્યું હતું. નવરાત્રીના પર્વ પર આ વીડિયો રિલીઝ કરવામાં આવ્યો છે. ધ્વનિ ભાનુશાળીએ આ ગરબો ગાયો છે અને તનિષ્ક બાગચીએ ગીતને સ્વર આપ્યો છે. જૈકી ભગનાની આ ગીતના નિર્માતા છે. આ ગીત યૂટ્યૂબ પર રિલીઝ કરવામાં આવ્યું છે અને જણાવવામાં આવ્યું છે કે, નપ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લખેલ ગીત નગરબાથમાં તનિષ્ક બાગચીના સૂર અને ધ્વનિ ભાનુશાળીના અવાજનો જાદુ જોવા મળશે. સંગીતનો આ જાદુ નવરાત્રી દરમિયાન ગુજરાતની સંસ્કૃતિ જોવા માટે પ્રેરિત કરે છે. જે નદીમ શાહે ડાયરેક્ટ કર્યું છે.

## સુપ્રસિધ્ધ સાળંગપુર મંદિર પરિસર નજીક આકાર પામશે યાત્રીક ભવન: ૧ હજાર રૂમની સુવિધા





સારંગપુર: સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામમાં પહેલાં હાઈટેક ભોજનાલય એ પછી કિંગ ઓફ સાળંગપુરની ૫૪ ફૂટ ઊંચી મૂર્તિના નજરાણા બાદ હવે હનુમાનજી મંદિર પરિસરની બાજુમાં ૧૫૦ કરોડથી વધુના ખર્ચે ૧૦૦૦થી વધુ રૂમવાળું ગોપાળાનંદ સ્વામી યાત્રિક ભવન બનાવવામાં આવી રહ્યું છે. ૨૦ વિઘામાં પથરાયેલાં પતંગિયા જેવી ડિઝાઈવાળા આ ગેસ્ટ હાઉસમાં એકસાથે ૪ હજારથી વધુ લોકો આરામથી રહી શકશે. ત્યારે આ રાજમહેલ જેવી ડિઝાઈનવાળું ગોપાળાનંદ સ્વામી યાત્રિક ભવનની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે.

સાળંગપુર ખાતે આકાર લઈ રહેલ ગોપાળાનંદ સ્વામી યાત્રિક ભવનના આખા બિલ્ડિંગમાં કુલ ૧૮ લિફ્ટ, ૪ એલિવેટર અને ૨ મીટરના ૬ દાદરા હશે. દરેક ફ્લોર પર અલગ-અલગ સાઈઝના કુલ ૯૬ રૂમ હશે. આ ઉપરાંત સર્વન્ટ રૂમ સહિત ૪૦ સ્યૂટ બનાવાશે. દરેક ફ્લોર પર વેઈટિંગ એરિયા હશે, જેમાં એકસાથે ૧૦૦થી વધુ લોકો સામાન સાથે બેસી શકશે.

કુલ ૧, ૮૦, ૦૦૦ સ્ક્વેરફૂટમાં આકાર પામનારું ગેસ્ટ હાઉસ હાઈટેક ટેક્નોલોજીથી બનાવવામાં આવશે. આખું બિલ્ડિંગ ૪ ઝોનમાં બનાવાશે, જે ૧૦૦ ટકા ભૂકંપપ્રુફ હશે. એટલું જ નહીં બિલ્ડિંગમાં ગમે ત્યારે આગ લાગે તો એની અંદર રહેલી વ્યક્તિને કોઈ નુકસાન થશે નહીં. આ ઉપરાંત બિલ્ડિંગની ઈન્સાઈડમાં ૫૦૦ અને આઉટસાઈડ ૬૦૦ એમ કુલ ૧૧૦૦ ગાડી પાર્ક થઈ શકે એવું પાર્કિંગ બનાવવામાં આવશે.

૧૬૦ ફૂટ ઊંચા બિલ્ડિંગમાં બનાવેલા રિસેપ્સશન એરિયામાં ઈન્કવાયરી ઓફિસ અને વેઈટિંગ લોન્ઝ હશે, જેમાં એકસાથે ૪૦૦-૫૦૦ લોકો બેસી શકશે. આ ઉપરાંત દરેક ફ્લોર પર બનાવવામાં આવનારા વેઈટિંગ એરિયામાં ૧૦૦ લોકો રિલેક્સ પણ થઈ શકશે. એટલું જ નહીં, દરેક ફ્લોરમાં ૬-૬ પાણી પરબ, કોમન ટોઈલેટ-બાથરૂમની સુવિધા પણ હશે. તો બિલ્ડિંગના સેન્ટરમાં કુલ ૪૦,૦૦૦ સ્ક્વેરફૂટમાં મેઈન એન્ટ્રન્સવાળા ભાગ પર મોનિટરિંગ થઈ શકે એ માટેનો હાઈટેક કંટ્રોલ રૂમ બનાવવામાં આવશે. આ ઉપરાંત એની બાજુમાં કોન્ફરન્સ રૂમ, મેનેજમેન્ટ ઓફિસ હશે.

નવું બની રહેલ ગેસ્ટહાઉસની સૌથી મોટી ખાસિયત છે કે, એક જ બિલ્ડિંગમાં એક હજારથી વધુ રૂમ છે. તમામ રૂમમાંથી મંદિર, ભોજનાલય અને તળાવના સરસ વ્યૂ જોવા મળશે. આ સાથે જ તમામ રૂમ ફુલ હવા-ઉજાશવાળા હશે. આખું બિલ્ડિંગ તૈયાર થયા બાદ રાજમહેલ જેવું દેખાશે.

## હાર્ટએટેકના વધતા કેસ મુદ્દે કેન્દ્રીય આરોગ્ય મંત્રીનું મોટું નિવેદન

# હાર્ટ એટેકથી બચવું હોય તો કોરોના થયો હોય તેમણે બે વર્ષ સુધી મહેનત-કસરતથી બચવું: મનસુખ માંડવિયાની અપીલ

ભાવનગર: રાજ્યમાં સતત વધી રહેલા હાર્ટ અટેક અને તેનાથી થતાં મોતની સંખ્યામાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. નાની ઉંમરે હાર્ટ અટેકના કિસ્સા કોરોના બાદ સતત વધ્યા છે. રાજ્યમાં દરરોજ સરેરાશ એકથી ત્રણ વ્યક્તિઓ હાર્ટ અટેકનો ભોગ બની રહ્યા છે. ગરબા રમતી વખતે, લગ્નમાં નાચતી વખતે, ક્રિકેટ રમતી વખતે, વાહન ચલાવતી વખતે કે પછી જીમમાં કસરત કરતી વખતે હાર્ટ એટેક આવવાની સાથે જ સ્થળ પર જ મૃત્યુના કિસ્સાઓ દિવસેને દિવસે સામે આવી રહ્યા છે. ત્યારે રાજ્યમાં હાર્ટ એટેકના વધતા કેસ મુદ્દે કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખ માંડવિયાનું મોટું નિવેદન સામે આવ્યું છે. તેમણે કહ્યું કે, જેઓને કોવિડની ગંભીર અસર થઈ હતી તેમણે સખત મહેનતથી દૂર રહેવું જોઈએ.

ભાવનગરમાં એક કાર્યક્રમ દરમિયાન કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખ માંડવિયાએ જણાવ્યું કે, ઈંઈખછ હમણા એક ડિટેલ્સ સ્ટડી કર્યો છે, એ ડિટેલ્સ સ્ટડી એવું કહી રહ્યો છે કે જેમને ઈટછ કોવિડ થયો હોય અને વધારે સમય ન થયો હોય, આવી સ્થિતિની અંદર આવા લોકોએ વધારે પરિશ્રમ ન કરવો જોઈએ. તેઓએ પોતાના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું જોઈએ. તેમણે કહ્યું કે, આવા લોકોએ સખત મહેનત અને કસરતથી પણ એક ચોક્કસ સમય સુધી એટલે કે ૧ કે ૨ વર્ષ માટે દૂર રહેવું જોઈએ. જેથી હાર્ટ એટેકની ઘટનાની બચી શકાય.



### હાર્ટ એટેકના દર્દીઓમાં થયો છે વધારો

છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતમાં હાર્ટ એટેકથી મૃત્યુ પામનારા લોકોની સંખ્યામાં ઝડપથી વધારો થયો છે. હાર્ટ એટેકના લક્ષણો પહેલા ચોક્કસ વયના લોકોમાં જોવા મળતા હતા, પરંતુ ધીરે ધીરે આ રોગ સામાન્ય બની રહ્યો છે અને નાની ઉંમરના લોકો એટલે કે યુવાનો પણ તેનો શિકાર બની રહ્યા છે. હાર્ટ એટેકના ઘણા કારણો હોઈ શકે છે. એવું પણ માનવામાં આવે છે કે હાર્ટ એટેકનું કારણ તણાવ છે. આ તણાવમાંથી છુટકારો મેળવવા માટે આજના યુવાનો મોટાભાગે ધુમ્રપાન, ઊંઘની ગોળીઓ કે દારૂ જેવા વ્યસનોનો શિકાર બની રહ્યા છે. જે હૃદય સંબંધિત રોગોને વધુ પ્રોત્સાહન આપે છે. તો ચાલો જાણીએ આવા જ કેટલાક કારણો જે યુવાનોમાં હૃદય સંબંધિત બીમારીઓનું જોખમ વધારી શકે છે.

### રાજકોટમાં ૧૨ દિવસમાં ૧૩ના મોત

ગુજરાતમાં હાર્ટ એટેકથી મોતના બનાવો સતત વધી રહ્યા છે. રાજકોટમાં ૧૨ દિવસમાં ૧૩ વ્યક્તિના મૃત્યુ નિપજ્યાં છે. રાજકોટમાં ૧૭થી ૨૮ ઓક્ટોબર સુધીમાં ૧૩ લોકોના હૃદય થંભી ગયા છે. રાજકોટમાં ૧૨ દિવસમાં વશરામ મોહનભાઈ ધંધુકિયા (ઉ.વ.૪૫), રમેશ જેરામભાઈ ઝીંઝુવાડીયા (ઉ.વ.૫૦), સવાઈસિંહ હાલાજી સોઢા (ઉ.વ.૫૫), જયેશભાઈ ઝાલાવડીયા (ઉ.વ.૪૪), કંચનબેન રાજેશકુમાર સક્સેના (ઉ.વ.૪૮), આશિષ પરષોત્તમભાઈ અકબરી (ઉ.વ.૪૦), રણજીત ઉપેન્દ્રભાઈ યાદવ (ઉ.વ.૨૪), ગોરધનભાઈ રાખોલીયા (ઉ.વ.૪૫), ઘુઘાભાઈ મોહનભાઈ સારદીયા (ઉ.વ.૫૮), ગુણવંતભાઈ ચનાભાઈ ચાવડા (ઉ.વ.૩૮), પરષોત્તમભાઈ રતિભાઈ જાદવ (ઉ.વ.૫૩), ધીમંતકુમાર વ્યાસ (ઉ.વ.૬૨) અને શકિતસિંહ ઝાલા (ઉ.વ.૪૨)નું હાર્ટ એટેકથી નિધન થયું છે.

### મતદાર યાદી સ્પેશિયલ સમરી રિવિઝન કાર્યક્રમ-૨૦૨૪ અંતર્ગત જામનગર જિલ્લા ચૂંટણી અધિકારીના અધ્યક્ષ સ્થાને પત્રકાર પરિષદ યોજાઈ

# મતદાર યાદીમાં સુધારો કરાવવા લોકો સુધી જાણકારી પહોંચે તે માટે મીડિયાની ભૂમિકા મહત્વની: કલેક્ટર

જામનગર જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને કલેક્ટર બી.એ.શાહ ના અધ્યક્ષ સ્થાને કલેક્ટર કચેરીના કોન્ફરન્સ હોલ ખાતે મતદાર યાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-૨૦૨૪ અંતર્ગત પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. મતદાર યાદી સુધારણા કાર્યક્રમ માટે આગામી તા.૪-૧૧-૨૦૨૩, તા.૫-૧૧-૨૦૨૩, તા.૨-૧૨-૨૦૨૩ તથા ૩-૧૨-૨૦૨૩ને ખાસ ઝુંબેશના દિવસો તરીકે જાહેર કરવામાં આવ્યા છે. જે દિવસોએ તમામ મતદાન મથકો ખાતે સવારે ૧૦:૦૦ થી સાંજે ૫:૦૦ વાગ્યા સુધીમાં નાગરિકો બી.એલ.ઓ.શ્રીને રૂબરૂ ફોર્મ ભરી જમા કરાવી શકાશે.

કલેક્ટરશ્રી એ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીને લઈને ભારતના ચૂંટણી પંચ દ્વારા સ્પેશિયલ સમરી રિવિઝન ખાસ મતદારયાદી સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ તા.૨૭ ઓક્ટોબરથી શરૂ થયો છે. જે તા.૯ ડિસેમ્બર સુધી ચાલશે. તા.૧-૧-૨૦૨૪ ની લાયકાતના સંદર્ભમાં જેનો જન્મ તા.૧-૧-૨૦૦૬ અથવા તેની પહેલાની કોઈ પણ તારીખે થયો હોય તે તમામ યુવાઓ મતદાર યાદીમાં પોતાનું નામ દાખલ કરવા માટે અરજી કરી શકશે. કલેક્ટરશ્રી એ વધુમાં જણાવ્યું હતું કે લોકોને મતદાર યાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા અંગે જાણકારી મળી રહે અને

**આગામી તા.૪ અને તા.૫ નવેમ્બર તથા તા.૨ અને તા.૩ ડિસેમ્બર ના રોજ ખાસ ઝુંબેશ હાથ ધરાશે**



વધુમાં વધુ લોકો મતદાર યાદીમાં નામ નોંધણી, કમી કે સુધારા કરવી શકે તે અંગે લોકોને માહિતી પહોંચી શકે તે માટે મીડિયાની ભૂમિકા મહત્વની છે.

હાલની સ્થિતિએ ડ્રાફ્ટ રોલ-૨૦૨૩ મુજબ જામનગર જિલ્લામાં કુલ ૧૧,૯૬,૫૪૯ મતદારો નોંધાયા છે. જે પૈકી ૬,૧૪,૮૦૦ પુરુષ મતદારો, ૫,૮૧,૭૩૫ સ્ત્રી મતદારો અને અન્ય ૧૪ મતદારો નોંધાયા છે.

મતદારયાદીમાં તમારૂ નામ દાખલ કરવા, કમી કરવા કે વિગતો સુધારા માટે અરજી કરી શકાશે. મતદારયાદીમાં પ્રથમ વખત જ નામ દાખલ કરી નવા મતદાર તરીકે નામ નોંધણી કરવા માટે ફોર્મ નં.૬, મતદારયાદીમાંથી મૃત્યુના કારણે નામ કમી કરાવવા કે નવા દાખલ કરનાર નામ સામે વાંધો લેવા માટે ફોર્મ નં.૭, રહેઠાણનું સ્થળાંતર, મતદારયાદીની વિગતોમાં સુધારા માટે, જુનું ઊઙઈઈ બદલાવવા માટે કે દિવ્યાંગ મતદાર તરીકે નોંધ કરાવવા માટે ફોર્મ નં.૮ ભરી શકો છો. તેમજ ચૂંટણીકાર્ડ સાથે આધાર કાર્ડ લિંક કરવા માટે ફોર્મ નં.૬-ખ ભરી શકો છો.

મતદારયાદીમાં કોઈપણ પ્રકારના ફેરફાર કરવા Voter Helpline Moblie App 'u, www.nvsp.in, તથા www.voterportal.eci.gov.in, www.voters.eci.in વેબસાઈટ દ્વારા ઘરબેઠાં ઓનલાઈન જ ફોર્મ ભરી શકાશે. જામનગર જિલ્લામાં લાયકાત ધરાવતા તમામ યુવાઓ પોતાનું નામ મતદાર યાદીમાં દાખલ કરે તે માટે કલેક્ટર દ્વારા અપીલ કરવામાં આવી હતી. પત્રકાર પરિષદમાં નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી ઝીલ તેમજ મીડિયા પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

# જામનગરમાં રાજકીય આગેવાના પુત્રએ સેવાકીય કાર્યો થકી ઉજવ્યો જન્મદિવસ

જામનગર ક્ષત્રિય સમાજમાં આગવું નામ ધરાવતા સેવાભાવી તથા આમ આદમી પાર્ટીના જોઈન્ટ સેક્રેટરી અને સંયુક્ત માનવ અધિકાર સમિતિ જામનગર જિલ્લાના પ્રમુખ પ્રદિપસિંહ કુંવરસિંહ વાળાના સુપુત્ર અજયસિંહ વાળાનો ગઈકાલે જન્મદિવસ હતો. તેઓએ ૧૯ વર્ષ પુરા કરી ૨૦ માં વર્ષમાં પ્રવેશ કર્યો છે. તેઓએ પોતાનો આ જન્મદિવસ વૃધ્ધાશ્રમમાં વડીલોની સેવા કરી ઉજવ્યો હતો.









આજ ના આ ડીઝીટલ યુગમાં જયારે યુવાનો પોતાના જન્મદિવસ ઉજવવા માટે મોટી મોટી પાર્ટીઓ કરતા હોઈ છે અને આજકાલ તો યુવાનો નશાના રસ્તે પણ વળી રહ્યા છે ત્યારે જામનગરમાં ક્ષત્રિય સમાજમાં આગવું નામ ધરાવતા સેવાભાવી તથા આમ આદમી પાર્ટીના જોઈન્ટ સેક્રેટરી અને સંયુક્ત માનવ અધિકાર સમિતિ જામનગર જિલ્લાના પ્રમુખ પ્રદિપસિંહ કુંવરસિંહ વાળાના સુપુત્ર અજયસિંહ વાળાનો ગઈકાલે જન્મદિવસ હતો. યુવાન અવસ્થામાં પણ અજયસિંહ તથા તેમના પરિવારજનોએ પોતાનો જન્મદિવસ વૃધ્ધાશ્રમમાં વડીલોની સેવા કરી ઉજવ્યો હતો.

અજયસિંહ તથા વાળા પરિવાર દ્વારા અજયસિંહ વાળા ના ૨૦માં જન્મદિવસ નિમિતે સરું સેક્સન રોડ નજીક આવેલા જામ રણજીતસિંહ વૃધ્ધાશ્રમમાં રહેતા ૨૦ થી ૨૫ જેટલા વૃધ્ધ વડીલો સાથે કેક કાપી રાત્રી ભોજન કર્યું હતું. આ તકે અજયસિંહ સાથે તેમના પિતા પ્રદિપસિંહ, માતા ઈલાબા, મોટાભાઈ ઋષિરાજસિંહ, ભાભી ઉર્વશીબા તેમજ રાજપુત સમાજના અગ્રણી દિલીપસિંહ જાડેજા, સુરૂભા ઝાલા અને મહિપતસિંહ ચુડાસમા સાથે રહ્યા હતા. અજયસિંહ તથા વાળા પરિવારે વૃધ્ધાશ્રમમાં વડીલો સાથે જન્મદિવસની ઉજવણી કરી સમાજ તથા યુવાનો માટે એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

# ધંધુકાના અતિપ્રાચીન અને ઐતિહાસિક નવદુર્ગા ભવાની મંદિરમાં આજીવન ટ્રસ્ટી તરીકે પૂર્વ ધારાસભ્ય રાજેશ ગોહિલની વરણી





**કૃણાલ ભાવસાર, ધંધુકા**

ધંધુકા ના અતિ પ્રાચીન નવદુર્ગા ભવાની માતાજી ના મંદિર માં ધંધુકા ના પૂર્વ ધારાસભ્ય રાજેશ ગોહિલ ની આજીવન ટ્રસ્ટી તરીકે વરણી કરવામાં આવી છે

ધંધુકા માં આવેલ નવદુર્ગા ભવાની મંદિર ધંધુકા નું સૌથી પ્રાચીન અને ઐતિહાસિક મંદિર છે અને અહીંયા ભારતભરમાં થી લોકો દર્શને આવે છે ત્યારે ધંધુકા ના પૂર્વ ધારાસભ્ય ની વરણી થતાં તેમના સમર્થકો અને ભવાની મંદિર ના માઈ ભકતો માં ખુશી ની લાગણી જોવા મળી હતી તો ટ્રસ્ટી તરીકે મંદિર માટે સારા કર્યો કરશે એવી માઈ ભક્તો આશા વ્યક્ત કરી રહ્યા છે. રાજેશભાઈ દ્વારા શરદ પૂર્ણિમા ના દિવસે પ્રસાદી તરીકે સાડીઓ નું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મંદિર ના ટ્રસ્ટી હર્ષદરાય દીક્ષિત ભવાની મંદિર ના પૂજારી ધર્મેન્દ્રભાઈ ભટ્ટ , બ્રમ્હસમાજ ના અગ્રણી રાજેશભાઈ આચાર્ય, નાયબ મામલતદાર વનરાજસિહ રાજપૂત તથા મંદિર ના માઈ ભક્તો ઉપસ્થિત રહ્યા હતા

# જામનગરમાં બીમારીથી કંટાળી વૃધ્ધનો ગળાફાંસો ખાઇ આપઘાત

જામનગર: જામનગરમાં ગ્રીન સિટી વિસ્તારમાં રહેતા વૃધ્ધએ બીમારીથી તંગ આવી જઇ ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લીધી છે. જે મામલે પોલીસ વધુ તપાસ ચલાવે છે.

જામનગરમાં રણજીત સાગર રોડ પર ગ્રીન સીટી શેરી નંબર-૮ માં રહેતા અને નિવૃત્ત જીવન જીવતા બીપીનચંદ્ર રમણીકલાલ ત્રિવેદી (ઉંમર વર્ષ ૬૨) કે જેઓ છેલ્લા બે વર્ષથી માનસિક બીમારીથી પીડાતા હતા. જે બીમારીથી તંગ આવી જઇ તેમણે ગઈકાલે પોતાના ઘેર ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લઈ પોતાની જિંદગીનો અંત લાવી દીધો હતો.

આ બનાવ અંગે મૃતકના પત્ની માલતીબેન બિપિનચંદ્ર ત્રિવેદીએ પોલીસને જાણ કરતાં સિટી એ. ડિવિઝન પોલીસે મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી છે.

## તંત્રી સ્થાનેથી..

### આઈટી ક્ષેત્રે ક્રાંતિ !

અત્યારનો સમય એવો છે કે રસ્તા ઉપરથી પસાર થઈ રહેલા ગરીબ માણસના ખિસ્સામાં વધુ રોક્ડ રૂપિયા હોય પણ એ જ રોડ ઉપરથી પસાર થતા સુખી સક્ષમ માણસના ખિસ્સામાં ખાસ રોક્ડ હોય જ નહીં! આ ડિજિટલ આર્થિક ક્રાંતિનું પરિણામ છે. અઢીસો ગ્રામ બટાકા કે ભીંડો પણ પેટીએમ દ્વારા લેવામાં આવે છે અને જ્વેલરી ગુગલ પેના યુપીઆઈ આઈડી દ્વારા વસાવવામાં આવે છે. આ ભારતની ડિજિટલ આર્થિક ક્રાન્તિ છે. આ ક્રાન્તિનું પ્રદર્શન થોડા સમય પહેલા મિસ્ટર મોદીએ અડધી દુનિયા સમક્ષ કર્યું. જી-ટ્વેન્ટી સમિટની ડિઝાઈન એવી રીતે રચવામાં આવી હતી કે ભારતીય યુ-પી-આઈની તાકાત દેખાય. વિદેશી પ્રતિનિધિઓ માટે યુપીઆઈ સેવાઓ, ભારતની ડિજિટલ સફર દર્શાવતી વીઆર એટલે વર્ચ્યુઅલ રિયાલિટીની સાઈકલ અને આધાર, ડાયરેક્ટ-બેનિફિટ-ટ્રાન્સફર અને ડિજિલોકર જેવા ભારતના ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું પ્રદર્શન દિલ્હીના ભારત મંડપમ ખાતે ભારતની મુત્સદ્દીગીરીનો એક મહત્વપૂર્ણ ભાગ હતો. ભારતની સોફ્ટ સ્કિલ તાકાત એક સમયે તેની પ્રાચીન સંસ્કૃતિ, પરંપરાઓ અને આતિથ્યની તાકાત સુધી મર્યાદિત હતી. તેની ડિજિટલ ક્રાંતિએ આ પ્રભાવમાં એક નવું અને દમદાર પ્રકરણ ઉમેર્યું છે. ભારતની આગેવાની હેઠળ આખા વિશ્વમાં એક જ પેમેન્ટ સિસ્ટમની રચના થાય - વન ફ્યુચર એલાયન્સ અને ગ્લોબલ ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર રિપોઝીટરીનું નિર્માણ થાય એ આ બધા દેશોનું સપનું છે. આ સપનું ભારતે બતાવ્યું છે. બે દાયકામાં, વિશ્વની સૌથી મોટી લોકશાહીએ ડિજિટલ ઓપન માર્કેટમાં અભૂતપૂર્વ ક્રાંતિ લાવવા માટે સસ્તા મોબાઈલ ફોન, સસ્તા ડેટા અને અનન્ય ડિજિટલ આઈડી સિસ્ટમનો ઉપયોગ કર્યો.

# જામનગરમાં આંતરશાળા રાસ ગરબા હરિફાઈ

જામનગર: નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ જામનગરની ૪૪ શાળાઓના વિદ્યાર્થીઓ વચ્ચે રાસગરબા મહોત્સવ યોજાયેલ જેમાં ૨૬ શાળાઓએ ભાગ લીધેલ હતો જેમાં ૧૨ જેટલી કૃતિઓ સેમીફાઈનલ માટે સિલેકટ થયેલ કૃતિઓ વચ્ચે ૧૫૫ જેટલા વિદ્યાર્થીઓ દ્વારા કૃતિઓ રજુ કરવામાં આવેલ આ ૧૨ કૃતિઓમાંથી ૪ કન્યાઓની કૃતિ, ૨ કુમારની કૃતિઓ, ૧ મિશ્ર શાળાની કૃતિઓ કુલ ૭ કૃતિઓ ફાઈનલ વિજેતા બનેલ હતી આ કાર્યક્રમ બે દિવસ ચાલેલ હતો. તા.૧૩-૧૦-૨૩ના રોજ સેમીફાઈનલ દેવરાજ દેપાળસ્કુલ ખાતે તથા તા.૧૪-૧૦-૨૩ના રોજ ફાઈનલ રાઉન્ડમાં આવેલ ૧૨ કૃતિ કુંવરબાઇ જૈન ધર્મશાળાના એરકંડીશનર હોલમાં યોજવામાં આવેલ.



તા.૧૪-૧૦-૨૩ના રોજ ફાઈનલ સ્પર્ધા મેયર વિનોદભાઈ ખીમસુરીયા અધ્યક્ષસ્થાને યોજવામાં આવેલ આ પ્રસંગે શહેર ભાજપ પ્રમુખ વિમલભાઈ કગથરા, ડે.મેયર ક્રિષ્નાબેન સોઢા, સ્ટે.ચેરમેન નિલેશભાઈ કગથરા, શાસકપક્ષના નેતા આશિષભાઈ જોશી, દંડક કેતનભાઈ નાખવા, શહેર મહામંત્રી પ્રકાશભાઈ બાંભણીયા, વિસ્તારક નટુભાઈ પટેલ, પૂર્વ મેયર અમીબેન પરીખ, કોર્પોરેટર પ્રભાબેન ગોરેચા સહિત અનેકવિધ મહાનુભાવો ઉપસ્થિત રહેલ.

સ્વાગત પ્રવચન તથા કાર્યક્રમ રૂપરેખા અધ્યક્ષ મનીષભાઈ કનખરા દ્વારા કરવામાં આવેલ અને નિર્ણાયક તરીકે પીનાબેન મોદી, જોલીબેન માંડક, ક્રિષ્નાબેન દતાણી સેવા આપેલ કાર્યક્રમનું સંચાલન કૌશિકભાઈ ચુડાસમા, પ્રવિણસિંહ કે. જાડેજા, અમીતાબેન વિરાણી કરેલ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, વાલીઓ, આચાર્યઓ, શિક્ષકગણ વગેરે ઉપસ્થિત રહેલ અને શાળાઓની અલગ અલગ સુંદર કૃતિઓને મહેમાનઓએ બિરદાવેલ.

આ સમગ્ર કાર્યક્રમ નગરપ્રા. શિક્ષણ સમિતિ દ્વારા યોજવામાં આવેલ હતો. જેમાં ઉપાધ્યક્ષ પ્રજ્ઞાબા સોઢા, શાસનાધિકારી ફાલ્ગુનીબેન પટેલ, સભ્ય મુકેશભાઈ વસોયા, બિમલભાઈ સોનછાત્રા, રમેશભાઈ કંસારા, સંજયભાઈ દાઉદીયા, દિનેશભાઈ રબારી, નિલેશભાઈ હાડા, રઉફભાઈ ગઢકાઈ, પરસોતમભાઈ કકનાણી, યાત્રીબેન ત્રિવેદી, મનીષાબેન બાબરિયા, રામભાઈ કુંભારવડીયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

ભાગ લેનાર ૨૬ શાળાઓને સાંસદ પુનમબેન માડમ તથા ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી દ્વારા ભેટ આપવામાં આવી હતી. અને નગર પ્રા. શિક્ષણ સમિતિ દ્વારા પ્રમાણપત્ર આપવામાંઆવેલ હતા. ફાઈનલમાં પ્રવેશેલ ૧૨ કૃતિઓને નગર પ્રા. શિ. સમિતિ દ્વારા ભેટ આપવામાં આવેલ હતી. અને વિજેતા ૭ કૃતિઓને શિલ્ડ એનાયત કરવામાં આવેલ હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા શાળા નં. ૨૦ના આચાર્ય અમિતભાઈ સોની, શાળા નં. ૨૧ના પ્રીતીબેન જગડ, શાળા નં. ૨૫ના નીધીબેન વ્યાસ, શાળા નં. ૨૪ના પોલોમીબેન વ્યાસ વગેરેએ જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવેલ હતો.

# લાલપુર અને કાલાવડ પંથકના કરાણા-ડુંગરાળી દેવળીયા-બેરાજા ગામમાં પવનચક્કીના કામોમાં નિયમોના લીરાઃ કંપનીની દાદગીરીની ગ્રામજનોમાં રોષ

## સુઝલોન કંપની સામે વધુ એક હુકમઃ નદીનો રસ્તો બંધ કરી દેવાતા ગ્રામજનો બેહાલ થયા





જામનગરઃ જામનગર જિલ્લાના લાલપુર અને કાલાવડ પંથકમાં ખાનગી કંપની દ્વારા પવનચક્કી લગાવવાની કાર્યવાહી ચાલી રહી છે, ત્યારે ખાસ કરીને કેટલા ગ્રામ્ય પંથકમાં તંત્ર ની મંજૂરી વિના જગ્યાનું દબાણ હતું હોવાની તેમજ કેટલીક નદીઓના રસ્તા પણ બંધ કરી દેવાયાની જિલ્લા કલેકટર સમક્ષ ફરિયાદ કરવામાં આવી છે.

કાલાવડા અને લાલપુર પંથકના ગલ્લા- કરાણાં - ડુંગરાળી દેવરીયા- બેરાજા વગેરે ગામોમાં પવનચક્કીના કામો માટે સરકારશ્રીના નિયમ મુજબ કામ થતું ન હોવાની અને કેટલીક ગૌચરની જમીન તેમજ નદી કાંઠા ગામ અને ખરાબાની જગ્યામાં પણ દબાણ થતું હોવાનું તેમજ દબાણ કરી પર્યાવરણ તેમજ જામનગરની પવિત્ર નદીઓ અને નુકસાન થાય તે રીતે નદીઓ બુરીને તેમાંથી રસ્તો બનાવવાનું કારસ્તાન ચાલી રહ્યું હોવાની રજૂઆત જામનગરના જિલ્લા કલેકટર સમક્ષ સ્થાનિક ગ્રામજનો દ્વારા કરવામાં આવી છે. આવનારા ચોમાસાની ઋતુમાં નદીની આસપાસના ખેતરો તેમજ ગાડા માર્ગનું પણ આ કાર્યવાહીને લઈને ધોવાણ થશે, અને કેટલા ટાવરોનું કામ તો બીન ખેતી કર્યા પહેલાંજ ચાલુ કરી દીધો છે. જેથી આ ગામમાં તાત્કાલિક કામ સ્થગિત કરીને કંપની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી પણ ગ્રામજનો દ્વારા રજૂઆત કરવામાં આવી છે.

જામનગર તાલુકાના ગામોમાં સુઝલોન પવનચકકી કંપની દાદાગીરી કરે છે એવી અસરકારક રજૂઆત બાદ તંત્રએ કંપનીને કામગીરીઓ રોકી દેવાનો આદેશ કર્યા બાદ પણ, કંપનીએ હુકમનો અનાદર કરી કામગીરીઓ ચાલુ રાખી હતી જેનો કેટલાંક ગામોમાં વિરોધ થતાં તંત્રએ તપાસ બાદ ફરી વધારાનો હુકમ જાહેર કરી, સુઝલોન કંપનીની દાદાગીરીને હાલ ઠંડી પાડી દીધી છે. જામનગર તાલુકાના ૧૧ ગામોની જુદા-જુદા ૨૧ સર્વે નંબરની જમીનો પર સુઝલોન કંપનીએ પોતાની પવનચકકીઓ ખડકવાની કામગીરીઓ મનમાની રીતે હાથ ધરેલી. જેમાં શરતભંગ પણ બહાર આવ્યો હતો અને રજૂઆતમાં એમ પણ જણાવાયું હતું કે, કેટલાંક ગામોમાં તો કંપની રીતસર ગામોની જમીનો પર દબાણ પણ કરી રહી છે.

આ અસરકારક રજૂઆત પછી, જામનગર ગ્રામ્ય પ્રાંત અધિકારી ધાર્મિક ડોબરિયાની કોર્ટે ગત્ ૨૧મીએ સુઝલોન કંપનીને આ વિવાદી કામગીરીઓ અટકાવી દેવાનો હુકમ પણ આપ્યો હતો. જો કે ત્યારબાદ પણ કંપનીએ પોતાની દાદાગીરી ચાલુ રાખી હતી અને મોટી ભલસાણ તથા વાગડિયા સહિતના ગામોમાં કંપનીએ પોતાની કામગીરીઓ ચાલુ રાખી હતી. જે દ્વારા ગ્રામ્ય પ્રાંત અધિકારીનો સંપર્ક સાધવામાં આવ્યો હતો અને તેઓએ જણાવ્યું હતું કે, સ્થાનિક સ્તરેથી આ રિપોર્ટ મળી રહ્યા છે અને તપાસનો આદેશ આપવામાં આવ્યો છે.

ત્યારબાદ ગ્રામ્ય પ્રાંત અધિકારીની કચેરીના કે, જે જે ગામોમાં સુઝલોન કંપનીએ મનાઈ હુકમ છતાં પોતાની કામગીરીઓ ચાલુ રાખી હોવાનું ધ્યાન પર આવતાં ગુરુવારે એક વધારાનો મનાઈ હુકમ ઈસ્યુ કરી સુઝલોન કંપની દ્વારા થતી કામગીરીઓ બંધ કરાવવામાં આવી છે. ગ્રામ્ય પ્રાંત અધિકારીની કોર્ટના મનાઈ હુકમનો ઉલાળિયો કરવાની માનસિકતા ધરાવતી આ સુઝલોન કંપની વિરુદ્ધ ખરેખર તો તંત્રએ કડકમાં કડક કાર્યવાહીના ભાગરુપે કંપનીને ફાળવવામાં આવેલી આ જમીનોની ફાળવણી જ રદ્દ કરી દેવી જોઈએ અથવા કંપનીને મહત્તમ દંડ અથવા દાખલારુપ શિક્ષા કરવી જોઈએ એવી લાગણી પણ ગ્રામજનો વ્યક્ત કરી રહ્યા છે.

## ભાટિયાના યુવાન પર જીવલેણ હુમલોઃ રાયોટીંગ સહિતની ફરિયાદ

ખંભાળિયાઃ કલ્યાણપુર તાલુકાના ભાટિયા ગામે રહેતા અને જે.સી.બી.ના વ્યવસાય સાથે સંકળાયેલા પ્રકાશભાઈ આલાભાઈ આંબલીયા નામના ૩૩ વર્ષના આહિર યુવાન સાથે પખવાડિયા પૂર્વે ભાટીયા ગામના જયેશ બાબુભાઈ ચાવડા સાથે કોઈ બાબતે બોલાચાલી થઈ હતી. તે બાબતનું મનદુઃખ રાખીને જયેશ બાબુભાઈ ચાવડા સાથે આવેલા પ્રવીણ ગોગનભાઈ ચાવડા અને સાવન ધનાભાઈ ચાવડા નામના ત્રણ શખ્સોએ ગેરકાયદેસર રીતે મંડળી રચીને પ્રકાશભાઈને મારી નાખવાના ઈરાદાથી મોટરકાર વડે તેમનો પીછો કર્યો હતો.

આ પછી આરોપીઓએ લોખંડના પાઈપ તેમજ બેઝબોલના ધોકા વડે પ્રકાશભાઈ આંબલીયા ઉપર હુમલો કરી તેમને ફેકચર સહિતની ગંભીર ઈજાઓ પહોંચાડી, જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ પ્રકરણમાં પોલીસે ત્રણેય શખ્સો સામે આઈપીસી કલમ ૩૦૭, ૩૨૫, ૩૨૩, ૧૨૦ (બી) તથા રાયોટિંગની જુદી-જુદી કલમ અને જી.પી. એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ સ્થાનિક પી.એસ.આઈ. યુ.બી. અખેડ દ્વારા હાથ ધરવામાં આવી છે.

## એપલ ઈન્ટરનેશનલ સ્કૂલમાં યોજાયો અવર્નેસ જનરેશન પ્રોગ્રામસ ઓન સસ્ટેનેબલ એનર્જીનો કાર્યક્રમ






જામનગરઃ ગુજરાત ઊર્જા વિકાસ એજન્સીનાં સહયોગ થી તેમજ કલાઈમેન્ટ ચેન્જ ડિપાર્ટમેન્ટ, ગુજરાત સરકાર અને એમ. ડી. મહેતા ડ્રિસ્ટ્રિક સાયન્સ સેન્ટર ,ધ્રોલ દ્વારા એપલ ઈન્ટરનેશનલ સ્કૂલ માં અભ્યાસ કરતા ધોરણ ૯ થી ૧૨ નાં વિધ્યાર્થીઓ માટે એક સુંદર મજાના '' અવર્નેશ જનરેશન પ્રોગ્રામ ઓન સસ્ટેનેબલ એનર્જી '' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતરગત વિવિધ પ્રવૃતિઓ દ્વારા જેવી કે ઊર્જા ની બચત ઊર્જા મોડેલ નિદર્શન , ઊર્જા ક્વિઝ દ્વારા એમ. ડી. મહેતા ડીસ્ટ્રિક સાયન્સ સેન્ટર ધ્રોલ થી પધારેલ પંકજભાઈ એ પોતાના વ્યાખ્યાન દ્વારા જરૂરી માગેદશેન આપવામાં આવ્યું હતું.આ કાર્યક્રમ માં વિજ્ઞાન વિશેની ઊર્જાને લગતી અવનવી માહિતીઓ સાથે વિદ્યાર્થીઓ ને આજના વિજ્ઞાન માટે અવગત કરાયા હતાં. અને ઊર્જા નાં બિનપરંપરાગત સ્ત્રોતો નાં જરૂરી મોડેલ બતાવી અવનવા પ્રેક્ટિકલ સાથેની સમજ વિદ્યાર્થીઓ ને આપવામાં આવી હતી.અને વિદ્યાર્થીઓ ને ઊર્જાનો ઉપયોગ ,ઊર્જાનું ઉત્પાદન,અને ખાસ ઊર્જા ની બચત કઈ રીતે કરી શકાય તેનાથી અવગત કરવામાં આવ્યાં હતાં.કાર્યક્રમ નું સમગ્ર સંચાલન શાળાના વિજ્ઞાન શિક્ષક શ્રી જતીન ભટ્ટી દ્વારા કરવામાં આવ્યું હતું.જ્યારે કાર્યક્રમને અંતે શાળા નાં આચાર્ય શ્રી જીજ્ઞેશભાઈ ચાંગાણી દ્વારા પ્રાસંગીક માર્ગદર્શન આપી ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી અને એમ. ડી. મેહતા સાયન્સ સેન્ટર ધ્રોલ થી પધારેલ પંકજભાઈ અને તેમની ટીમ નો ખુબ ખુબ આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

## દ્વારકા જિલ્લામાં ફટાકડાના ખરીદ, વેચાણ તથા ઉપયોગ અંગેનું જાહેરનામુ

ખંભાળિયાઃ દિવાળીના તહેવારો દરમ્યાન ફોડવામાં આવતા ફટાકડાના કારણે આગ, અકસ્માતના બનાવો ન બને અને જાહેર જનતાને અગવડતા ન પડે તે માટે દેવભૂમિ દ્વારકા જિલ્લાના વિસ્તારમાં ફટાકડાના ખરીદ, વેચાણ તથા ઉપયોગ ઉપર નિયત્રંણ મૂકતું જાહેરનામું સક્ષમ અધિકારી દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.

આ જાહેરનામા મુજબ દિવાળીના તહેવારો કે અન્ય તહેવારો દરમિયાન રાત્રે ૮ થી ૧૦ સુધી જ ફટાકડા ફોડી શકાશે. ક્રિસમસ તથા નૂતન વર્ષના તહેવારમાં રાત્રે ૧૧:૫૫ કલાકથી ૧૨:૩૦ સુધી જ ફટાકડા ફોડી શકાશે. હાનિકારક ધ્વની પ્રદુષણ રોકવા માટે માત્ર પી.ઈ.એસ.ઓ. () સંસ્થા ધ્વારા અધિકૃત બનાવટ વાળા અને માન્ય ધ્વની સ્તર ( ) વાળા જ ફટાકડા વેન્સી કે વાપરી શકાશે. હોસ્પીટલ, નર્સિંગ હોમ, આરોગ્ય કેન્દ્રો, શૈક્ષણિક સંસ્થાઓ, ન્યાયાલયો, ધાર્મિક સ્થળોની ૧૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારને સાયલેન્ટ ઝોન તરીકે ગણવામાં આવશે અને ત્યાં કોઈપણ પ્રકારના ફટાકડા ફોડી શકાશે નહી. કોઈપણ પ્રકારના વિદેશી ફટાકડા આયાત કરી શકાશે નહીં, રાખી શકાશે નહી કે વેચાણ કરી શકાશે નહી.

ઈકોમર્સ વેબસાઈટ ફટાકડાના વેચાણ માટે ઓનલાઈન ઓર્ડર લઈ શકાશે નહી કે ઓનલાઈન વેચાણ કરી શકાશે નહી. સીરીઝમાં જોડાયેલા ફટાકડા (ફટાકડાની લૂમ) થી મોટા પ્રમાણમાં હવા, અવાજ અને ઘન કચરાની સમસ્યા થતી હોવાથી તે રાખી શકાશે નહીં, ફોડી શકાશે નહીં કે વેચાણ કરી શકાશે નહી. લોકોને અગવડ ઉભી ન થાય, કોઈ ભયજનક પરિસ્થિતિનું નિર્માણ ન થાય તે માટે જિલ્લાની બજારો, શેરીઓ, ગલીઓ, જાહેર રસ્તાઓ, પેટ્રોલ પંપ, સી.એન.જી. પંપ, એલ.પી.જી. બોટલિંગ પ્લાન્ટ, એલ.પી.જી.. ગેસના સ્ટોરેજ તથા અન્ય સળગી ઉઠે તવા પદાર્થોના સંગ્રહ કરેલા ગોદામોની નજીક ફટાકડા ફોડી શકાશે નહી.

કોઈપણ પ્રકારના સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુક્કલ/ આતશબાજી બલુન) નું ઉત્પાદન તથા વેચાણ કરી શકાશે નહી તેમજ કોઈપણ સ્થળે ઉડાડી શકાશે નહી. ફટાકડાનું વેચાણ માત્ર લાયસન્સધારક વેપારીઓ દ્વારા કરવાનું રહેશે. આ વેપારીઓએ નામદાર સુપ્રિમ કોર્ટના તા. ૨૩-૧૦-૨૦૧૮ના આદેશ મુજબ પરવાનગી આપવામાં આવલા ફટાકડાનું જ વેચાણ કરવાનું રહેશે.

આ જાહેરનામું તા. ૩૦ થી તા. ૨૮ નવેમ્બર સુધી અમલમાં રહેશે. આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર શિક્ષાને પાત્ર થશે.

## કાલાવડ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં અને આંગણવાડીઓમાં સફાઈ ઝુંબેશ







''સ્વચ્છતા હી સેવા અભિયાન'' અંર્તગત જામનગર જિલ્લાના કાલાવડ તાલુકામાં આવેલી પ્રાથમિક શાળાઓમાં અને આંગણવાડી કેન્દ્રોની આસપાસ સામુહિક રીતે સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ સફાઈ ઝુંબેશમાં તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતના સદસ્યશ્રીઓ, અન્ય પદાધિકારીશ્રીઓ, તલાટી મંત્રીશ્રીઓ, શિક્ષકગણ, આંગણવાડી કાર્યકરો, આશા બહેનો, આરોગ્ય શાખાના કર્મચારીગણ તેમજ બહોળી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા.

## શહેરમાં મોબાઈલની ચોરીનો સિલસિલો યથાવત

### તળાવની પાળ, અને અન્ડરબ્રીજ પાર્કીંગમાંથી ફોનની તફડંચી

જામનગરઃ જામનગર શહેરમાં મોબાઈલ ફોનની ચોરીની ફરિયાદનો સિલસિલો યથાવત રહ્યો છે, અને વધુ બે મોબાઈલ ફોન ચોરાયા છે. અમરેલીથી જામનગર ફરવા આવેલા એક યુવાનનો તળાવની પાળેથી મોબાઈલ ફોન ચોરી થઈ ગયો છે, જ્યારે સત્યમ કોલોની અંડરબ્રિજ પાસે આવેલા એક એપાર્ટમેન્ટના ચોકીદાર નાહવા માટે જતાં પાછળથી તેનો મોબાઈલ ફોન કોઈ તસ્કર ચોરી કરી ગયાનું પોલીસમાં જાહેર થયું છે.

મૂળ અમરેલી જિલ્લાના લાઠી ગામના વતની ઈશાકભાઈ બસીરભાઈ સિદ્દી બાદશાહ જામનગર આવ્યા હતા, અને લાખોટા તળાવના એક નંબરના ગેઈટ પાસેથી પસાર થઈ રહ્યા હતા, દરમિયાન ગીરદીનો લાભ લઈ કોઈ ગઠીયો તેમના ખિસ્સામાંથી મોબાઈલ ફોનની ચોરી કરી લઈ ગયાની ફરિયાદ સીટી એ. ડિવિઝન પોલીસમાં નોંધાવાઈ છે.

આ ઉપરાંત સત્યમ કોલોની અંડરબ્રિજ પાસે આવેલા શ્રી હરિ વલ્લભ ટાવર બિલ્ડીંગમાં ચોકીદાર તરીકે નોકરી કરતા મહેશભાઈ હીરાભાઈ સોમાણી કે જેઓ પોતાનો મોબાઈલ ફોન બહાર રાખીને નાહવા માટે ગયા હતા, જે દરમિયાન પાછળથી તેનો મોબાઈલ ફોન કોઈ તસ્કર ચોરી કરી લઈ ગયા હોવાની ફરિયાદ પોલીસમાં નોંધાવી છે.

## જામનગરમાં શરૂ સેકશન રોડ પર આવાસના ફ્લેટમાં આગ ભભુકીઃ ઘરવખરીનો સમાન ખાખ





જામનગરઃ જામનગરના શરૂ સેકશન માર્ગે આવેલ બહુમાળી ઈમારતનાં પાંચમા માળે એક ફ્લેટ મા ગઈ મોડી સાંજે આગ લાગી હતી.બનાવ ની જાણ થતા જ ફાયર બ્રિગેડ સ્ટાફ દોડી ગયો હતો.અને આગ કાબુ મા લીધી હતી.

શહેરના શરૂ સેક્શન માર્ગે પરના સરલાબેન ત્રિવેદી ભવન મા વીંગ નંબર એ-૩, નાં ફ્લેટ નંબર ૫૦૩ માં રહેતા પારેખ પરિવારનાં ઘરમાં મોડી સાંજે આગ લાગી હતી.બનાવ ની જાણ થતા જ ફાયર બ્રિગેડ સ્ટાફ દોડી ગયો હતો.

એક ગાડીમાંથી પાણીનો મારો ચલાવીને આગને કાબુમાં લીધી હતી. પરંતુ આગને કારણે ઘરમાં ગાદલા ગોદડા સળગી ગયા હતા. જયારે ઘરવખરી, ફર્નિચર સહિત મા કેટલું નુકસાન થયું હતું. આ બનાવ સમયે ભવન વસવાટ કરતા લોકો ના ટોળા એકત્ર થયા હતા .જો કે કોઈ જાનહાનિ થવા પામી ન હતી. ઘરમા કપડાને ઈસ્ત્રી કરતા સમયે ભૂલથી ઈસ્ત્રી ચાલુ રહી જતાં આગ લાગી હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

# આનંદો... જામનગરવાસીઓ: ફટાકડાના ભાવમાં ૧૦ થી ૧૫ ટકાનો ઘટાડો

## શિવાકાશીમાં કાચો માલ સસ્તો થતા અને ઉત્પાદન અનેકગણું વધારે થતાં આ વર્ષે લોકો ઓછા દરના ફટાકડા મેળવી શકશે : ફટાકડા કીંગ મુન્નાભાઈ નાગોરી દ્વારા અપાઈ મહત્વની વિગતો










જામનગર: ઉજાસના પર્વ મનાતા દિપાવલીના તહેવારની આડે ગણતરીના બે સપ્તાહ બાકી છે, દિવાળીના દિવસે આતશબાજીની પરંપરા છે અને ખાસ કરીને આકાશી ફટાકડા રોશનીમાં અનેકગણો વધારો કરે છે, પાછલા વર્ષોમાં ખાસ કરીને ફટાકડાના ભાવને લઈને લોકો મુશ્કેલી અનુભવતા હતા ત્યારે આ વખતે રાહતના સમાચાર એ છે કે, જામનગરવાસીઓ મન ભરીને ફટાકડા ફોડી શકશે, કારણ કે ફટાકડાના ભાવમાં ૧૦ થી ૧૫ ટકાનો ઘટાડો થયો છે તેના કેટલાક કારણોમાં એક મહત્વનું કારણ એ છે કે જયાંથી ફટાકડા આવે છે ત્યાં શિવાકાશીમાં ઉત્પાદન અનેકગણું થયું છે, દર વર્ષે ફટાકડના ભાવમાં ઉત્તરોતર વધારો થાય છે ત્યારે આ વખતે ઘણાં વર્ષો બાદ ભાવમાં ઘટાડો આવ્યો હોવાથી ઉજવણી કરતા લોકો માટે રાહતના સામાચાર છે.

દિવાળીની રાત્રે મોડે સુધી આતશબાજીની રમઝટ બોલે છે, છેલ્લા કેટલાક વર્ષોથી ફટાકડા ફોડવાની પેટર્નમાં બદલાવ આવ્યો છે અને આકાશી આતશબાજી લોકો વધુ પસંદ કરતા થયા છે, વધુ પ્રમાણમાં આ ફટાકડાની જ માંગણી રહે છે.

જામનગરના ફટાકડા કીંગ મુન્નાભાઈ નાગોરીએ આજકાલને જણાવ્યું હતું કે, હાલમાં ફટાકડાની માર્કેટમાં મંદી છે, તેનું કારણ એ છે કે લોકો ફટાકડાનો સંગ્રહ કરીને રાખતા નથી અને છેલ્લા ચાર-પાંચ દિવસમાં મોટા પાયે ફટાકડાની ખરીદી કરે છે એટલે પાછળથી માંગ અનેકવણી વધશે.

વાતચીતમાં એવી વિગતો જાણવા મળી છે કે, દેશભરમાંથી જયાં ફટાકડા સપ્લાય કરવામાં આવે છે એ શિવાકાશીમાં આ વખતે જુદી સીનારીયો જોવા મળ્યો છે, ફટાકડાના રો-મટીરીયલ્સના ભાવમાં સારો એવો ઘટાડો છે, વરસાદ પણ શિવાકાશીમાં મોડો આવ્યો હોવાથી આ વર્ષે ત્યાં ઉત્પાદન અનેકગણું થયું છે, અને તેના કારણે જ લોકોને પાછલા વર્ષો કરતા ફટાકડા ૧૦ થી ૧૫ ટકા ઓછા ભાવે મળશે.

આમ તો મુખ્યત્વે આકાશી શોટની માંગ રહે છે જેમાં ૧૨ શોટથી લઈને ૫૦ અને ૬૦ થી લઈને ૫૦૦ શોટ સુધીના આધુનીક ફટાકડા આ વખતે ઉપલબ્ધ છે, મતલબ કે એક વખત ફટાકડો સળગાવ્યા બાદ ૫૦૦ શોટ આકાશમાં જોઈ શકાશે અને લોકો પણ આ પ્રકારના ફટાકડાને વધુ પસંદ કરે છે જેથી કરીને ઓછી મહેનતે આનંદ મેળવી શકાય, આકાશી ફેન્સીમાં ૩ ઈંચથી ૩૦ ઈંચ સુધીની આતશબાજી ઉપલબ્ધ છે, નાના બાળકોના ફેવરીટ પોપ પોપ, માટીના લાડવા અને યુવા વર્ગ માટે આકાશી આતશબાજીમાં નવી નવી પેટર્ન માર્કેટમાં આવી ગઈ છે.

હાલમાં મોંઘવારી અને મંદીનો વ્યાપક દેકારો છે ત્યારે ઉજાસના પર્વ એવા દિવાળીની ઉજવણીમાં કમ સે કમ ફટાકડાના ભાવને લઈને રાહતના સમાચાર છે અને એવા સંકેતો મળે છે કે, ભાવ ઘટાડો થયો હોવાના કારણે આ વખતે કદાચ પાછલા તમામ વર્ષો કરતા વધુ પ્રમાણમાં આતશબાજી જોવા મળી શકે છે.

# હત્યા કેસમાં આરોપીને આજીવન કેદ અને દંડની સજા

જામનગર: જામનગરના સીટી-સી ડીવીઝન પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાં ૨૦૧૬ની સાલમાં હત્યાનો બનાવ બન્યો હતો, જે અંગેનો કેશ અહીંની સેશન્સ કોર્ટમાં ચાલી જતા આરોપીને આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે.

બનાવની વિગત મુજબ ફરીયાદીને અગાઉ આરોપી વેજાણંદ કરમણભાઈ ગોજીયા, ઠે. ગોકુલનગર, રે. સામાન્ય બોલાચાલી થયેલ, ત્યારથી બંને પક્ષે મનદુઃખ ચાલતુ હોય, જેના કારણે તા. ૧૯-૨-૧૬ના રોજ આરોપીના ભત્રીજા ભીમશી માલદે ગોજીયાને ફરીયાદી તથા તેના પિતાએ દિ.પ્લોટ-૪૯ પાસે રોકી લુંટ કરતા ફરીયાદી વિરુધ્ધ ગુનો દાખલ થયેલ.

તેમાં હાલના ફરીયાદી તથા તેના પિતા જામીન મુકત થયેલ, ત્યારથી બંને પક્ષકારો વચ્ચે મનદુઃખ વધવા લાગેલ, ગત તા. ૧-૧૧-૧૬ના ૧૬-૩૦ વાગ્યે ફરીયાદીના નાનાભાઈ હેભાભાનું પોતાનું મોટરસાયકલ લઈ પોતાની ફાયનાન્સની ઓફીસે જતા હતા, ત્યારે આરોપી તથા તેમના પુત્રએ તેમને રોકી આરોપીએ જાહેરમાં છરી કાઢી મરનાર હેભાભાઈને છરીના આડેધડ ઘા મારી મૃત્યુ થયેલ, એવા મતલબની ફરીયાદ કરતા આ કેસ જામનગર સેશન્સ જજ એસ.કે. બક્ષીની કોર્ટમાં ચાલી જતા કોર્ટ દ્વારા રજુ થયેલ પુરાવાઓ તથા સીસીટીવી ફુટેજ વગેરે ધ્યાને લીધેલ, તેમજ ફરીયાદ પક્ષે મદદનીશ જીલ્લા સરકારી વકીલ દિપકભાઈ આર. ત્રિવેદીની મૌખીક દલીલ તેમજ મુળ ફરીયાદી પક્ષે વકીલ વી.એચ. કનારાની લેખીત દલીલ તથા ઉચ્ચ તેમજ વડી અદાલતના ચુકાદાને ધ્યાને લઈ આરોપી વેજાણંદ કરણાભાઈને કલમ ૩૦૨ના ગુનાના કામે આજીવન કેદની સજા અને રૂા. ૧૦.૦૦૦ દંડ અને દંડ ન ભરે તો વધુ ૧૦ દિવસની સખત કેદની સજાનો હુકમ કરેલ છે.

# જામનગરની ફાયનાન્સ પેઢીમાંથી ધિરાણ-લોન મેળવનાર બે આસામીને જેલ સજા

જામનગર: જામનગરની ફાયનાન્સ પેઢી પાસે થી બે આસામી એ મેળવેલા ધિરાણની પરત ચૂકવણી માટે આપેલા ચેક પરત ફરતા અદાલતમાં ફરિયાદ નોંધાવાઈ હતી. તે કેસમાંથી એક કેસમાં આરોપીને એક વર્ષની કેદ અને બીજા કેસમાં બે મહિનાની કેદની સજા કરવામાં આવી છે.

જામનગરમાં મોગલ કૃપા ફાયનાન્સ નામની પેઢી ચલાવતા સુનિલ શૈલેષભાઈ ચાંદ્રા પાસેથી ૬ લાખનું ધિરાણ મેળવી ભરત કાંતિલાલ મકવાણાએ ૨ લાખ ચૂકવ્યા હતા અને બાકી રહેતા ૪ લાખ ની રકમની પરત ચુકવણી માટેનો ચેક આપ્યો હતો. તે ચેક પરત ફરતા ભરત મકવાણા સામે કોર્ટમાં ફરિયાદ કરાઈ હતી. તે કેસ ચાલી જતાં અદાલતે આરોપી ભરત કાંતિલાલ મકવાણાને તક્સીરવાન ઠરાવી એક વર્ષની કેદની સજા અને ચેકની રકમ મુજબનો દંડ ફટકાર્યો છે. દંડ ભરવામાં ન આવે તો વધુ બે મહિનાની સજા ભોગવવાનો હુકમ થયો છે.

ઉપરાંત આ જ ફાયનાન્સ પેઢીમાંથી જામનગર તાલુકાના પસાયા ગામના રમેશ ડાયાભાઈ પરમાર નામના આસામી એ ૨૦ હજારનું ધિરાણ મેળવી તેની પરત ચૂકવણી માટે ૨૦ હજારનો ચેક આપ્યો હતો. તે ચેક પરત ફર્યા ની પણ કોર્ટમાં ફરિયાદ કરાઈ હતી. તે કેસમાં અદાલતે આરોપી રમેશ ડાયાભાઈ પરમારને બે મહિનાની કેદ અને ચેકની રકમ મુજબનો દંડ ફટકાર્યો છે. નેવું દિવસમાં તે રકમ ભરપાઈ કરવામાં ન આવે તો વધુ એક દિવસની સજા ફરમાવાઈ છે. બંને કેસમાં ફરિયાદી તરફથી વકીલ એસ.આર. શુકલા રોકાયા હતા.

# જામનગરમાં દારૂના જથ્થા સાથે બે બાઈક-સવારને દબોચી લેતી સીટી-એ પોલીસ

## કુલ ૫૪ હજારનો મુદ્દામાલ કબજે



જામનગર: જામનગર શહેરમાં પંચેશ્વર ટાવર રોડ પરથી પસાર થતા બાઈકસવારને આંતરીને પોલીસે તલાસી લેતા તેના કબ્જામાંથી રૂા.૩૪,૦૦૦ ની કિંમતની ૬૪ બોટલ દારૂ મળી આવતા પોલીસે બે શખ્સોની ધરપકડ કરી વધુ પૂછપરછ હાથ ધરી હતી.

આ અંગેની વિગત મુજબ, જામનગર શહેરમાં પંચેશ્વરટાવર રોડ પરથી દારૂના જથ્થા સાથે બાઈકસવાર પસાર થવાની પો.હેડ.કોન્સ્ટેબલ શૈલેષભાઈ ઠાકરીયા અને પો.કોન્સ્ટેબલ હિતેશભાઈ સાગઠીયાને મળેલી બાતમીના આધારે સ્ટાફે વોચ ગોઠવી હતી. તે દરમ્યાન બાતમી મુજબની જીજે-૧૦-સીબી-૨૦૭૨ નંબરનું એકસેસ પસાર થતા પોલીસે આંતરી લીધું હતું.

પોલીસે એકસેસની તલાસી લેતા તેમાંથી રૂા.૩૪,૦૦૦ ની કિંમતની ૬૪ બોટલ ઈંગ્લીશ દારૂ મળી આવતા પોલીસે વનરાજસિંહ રવુભા વાળા અને હરેશ ઉર્ફે હરીશ કિશોર ચૌહાણ નામના બે શખ્સોને ઝડપી લઈ તેમની પાસેથી બાઈક સહિત રૂા.૫૪,૦૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી બન્ને વિરૂધ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

આ કામગીરી જામનગર સિટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશન ના પીઆઈ નિકુંજસિંહ ચાવડા ના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કવોડ ના પીએસઆઈ ભગીરથસિંહ વાળા ની સુચના થી સ્ટાફ ના પો.હેડ.કોન્સ્ટેબલ શૈલેષભાઈ ઠાકરીયા અને પો.કોન્સ્ટેબલ હિતેશભાઈ સાગઠીયા દ્વારા કરવામાં આવેલ હતી.

# જામનગરમાં પેલેસ્ટાઈનના ઝંડા સાથે નીકળેલા બે વાહનો ડીટેઈન




જામનગર: ઈઝરાયેલ અને હમાસ વચ્ચે હાલ યુધ્ધ ચાલી રહ્યું છે. ત્યારે જામનગર શહેરના માર્ગો પર ખુલ્લા વાહનમાં મોટા મોટા સ્પીકર સાથે અરબી ગીતો વગાડતા તેમજ ભારત ઉપરાંત પેલેસ્ટાઈન ના મોટા ઝંડા લગાડીને ૧૫ જેટલા બાઈકો સાથે નીકળેલા યુવકો પૈકીના ૨ વાહનો ડીટેઈન કરીને કાયદેસર ની કાર્યવાહી આરંભી છે. ઈદે-ગૌષિયા નિમિતે દરબારગઢમાં જુલૂસમાં જતાં હોવાનું પોલીસે જણાવ્યું છે.

જામનગરના ડીકેવી સર્કલ બાજુથી અંબર રોડ પર ગઈકાલે સાંજના સમયે ખુલ્લા વાહનમાં મોટા સાઉન્ડમાં ભારત અને પેલેસ્ટાઈનના મોટા ઝંડાઓ લગાડીને સંગીત સાથે ૧૫ જેટલા વાહનો સાથેની એક રેલી નીકળી હતી, જેની પોલીસને જાણ થતા સીટી-બી ડીવીઝન પોલીસ સ્ટાફે તેને રોકયા હતા અને બે વાહનો ડીટેઈન કર્યા હતા.

તેની પુછપરછ કરતા પ્રાથમિક તપાસમાં ઈદ નિમિતે શહેરના દરબારગઢમાંથી નિકળવાની રેલીમાં જોડાવા માટે જતા હોવાનું જણાવ્યુ હતું, હાલ બે વાહનો ડીટેઈન કરીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

# મુળીલા સીમમાં ઝેરી દવા ગટગટાવી તરૂણીનો આપઘાત

## રસોઈ બાબતે માતાએ ઠપકો આપતા પગલુ ભર્યુ: શોકની લાગણી

જામનગર: કાલાવડના મુળીલા વાડી વિસ્તારમાં રહેતા દાહોદના ખેતમજુરની ૧૫ વર્ષની પુત્રીને માતાએ રસોઈ બનાવવા બાબતે ઠપકો આપતા મનમાં લાગી આવતા ઝેરી દવા પી લેતા સારવારમાં દમ તોડયો છે.



મુળ દાહોદના ધાનપુર તાલુકાના વતની અને હાલ કાલાવડના મુળીલા ગામે રહીને ખેતમજુરી કરતા શંકરભાઈ ગનજીભાઈ ભુરીયાની ૧૫ વર્ષની પુત્રી સુમીતાબેનએ ગત તા. ૧૨-૧૦-૨૩ના સવારના સુમારે પોતાની વાડીએ આવેલા મકાને રસોઈ બનાવતી હતી એ વખતે તેમના માતા બુદલીબેને તેને રસોઈ કરવા બાબતે ઠાપકો આપ્યો હતો.

જેના કારણે સુમીતાને મનમાં લાગી આવતા વાડીના કુવા પાસે પડેલી ઝેરી દવા પી લેતા જી.જી. હોસ્પીટલમાં દાખલ કરવામાં આવી હતી, જયાં સારવાર દરમ્યાન તેણીનું મૃત્યુ નિપજયાનું શંકરભાઈ દ્વારા ગઈકાલે કાલાવડ ગ્રામ્ય પોલીસમાં જાહેર કરાયુ હતું.

# શહેરમાંથી ૧૧ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરતું કોર્પોરેશન



## કોર્પોરેશનના અધિકારીઓએ ૯૦૦૦ ના દંડની પણ વસુલાત કરી

જામનગર: જામનગરવ મહાપાલિકા દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટીક ઉપયોગ કરનારાઓ સામે કડક પગલા લેવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે, શહેરમાં વિવિધ દુકાનોમાંથી આશરે ૧૧ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટીક મળી આવતા એ જપ્ત કરવામાં આવ્યું છે, એટલું જ નહીં કેન્દ્ર સરકારના આદેશ મુજબ ૧૨૦ માઈક્રોન સુધીના તમામ પ્લાસ્ટીકના ઝબલાઓ અને ચીજવસ્તુઓ બંધ કરવા જાહેરનામું બહાર પાડ્યું છે, શહેરના અલગ અલગ વિસ્તારોમાંથી પ્લાસ્ટીક જપ્ત કરવામાં આવ્યા છે.

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com